## (1) 'Per Drop More Crop' યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાનો એક ઘટક છે.
(2) આ યોજનાનું અમલીકરણ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર કો–ઓપરેશન એન્ડ ફાર્મર્સ વેલફેર દ્વારા કરવામાં આવે છે.
(3) આ યોજના કૃષિ સ્તરે પાણીની અસરકારકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
(4) યોજના માટે કૃષિ મંત્રાલય હેઠળ એક 'માઈક્રો ઈરીગેશન ફંડ'ની સ્થાપના કરવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 'Per Drop More Crop'એ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાનો એક ઘટક છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના દેશમાં વર્ષ 2015-16થી કાર્યરત્ છે.

⇛ આ યોજના માઈક્રો ઈરીગેશન (સૂક્ષ્મ સિંચાઈ) પદ્ધતિ દ્વારા કૃષિ સ્તરે પાણીની અસરકારકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. (આથી , વિધાન (3) સાચું છે.)

⇛ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિમાં ટપક સિંચાઈ અને ફુંવારા સિંચાઈ પદ્ધતિનો સમાવેશ થાય છે.

⇛ આ માટે નાબાર્ડ હેઠળ 5000 કરોડ રૂપિયાની ક્ષમતા ધરાવતાં 'માઈક્રો ઈરીગેશન ફંડ'નું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ યોજનાનું અમલીકરણ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર કો–ઓપરેશન એન્ડ ફાર્મર્સ વેલફેર દ્વારા કરવામાં આવી રહયું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) લોનાર તળાવ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ તળાવ ખારાં પાણીનું તળાવ છે.

(2) તેનું નિર્માણ ભૂકંપના કારણે થયું હતું.

(3) તેને રાષ્ટ્રીય ભૌગોલિક–વારસાના સ્થળ તરીકેનો દરજ્જો મળેલો છે.

(4) તે ભૌગોલિક રીતે પ્રમાણમાં જૂનું છે.

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (3)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં મહારાષ્ટ્રમાં આવેલ લોનાર તળાવ ગુલાબી રંગનું થઈ જતાં ચર્ચામાં રહયું હતું.

⇛ તે એક ઐતિહાસિક વર્તુળાકાર તળાવ છે જેનું નિર્માણ ઉલ્કાશીલાના પડવાથી થયું હતું. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તે એક ખારાપાણીનું સરોવર છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 1979માં તેને રાષ્ટ્રીય ભૌગોલિક–વારસાના સ્થળ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ તળાવ ભૌગોલિક રીતે પ્રમાણમાં નવું/યુવાન છે. તે માત્ર 50,000 વર્ષ જેટલું જૂનું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ તળાવ જવાળામુખી બેસાલ્ટ ખડક ધરાવતાં ડેક્કનના ઉચ્ચપ્રદેશમાં આવેલું છે.

⇛ આ તળાવનું વર્ગીકરણ ખારા પાણીના તળાવ તરીકે કરવામાં આવેલું છે. આમ છતાં તેમાં સેલાઈન (ખારું) અને આલ્કાલાઈન, એમ બન્ને પ્રકારના પાણી જોવાં મળી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) બાળ મજૂરી વિરોધી વૈશ્વિક દિવસ (World Day Against Child Labour) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસ દર વર્ષે 12 જૂને ઊજવવામાં આવે છે.

(2) આ વર્ષે આ દિવસની થીમ 'પ્રોટેકટ ચિલ્ડ્રન ફ્રોમ કોરોના' રાખવામાં આવી છે.

(3) આ દિવસની ઊજવણી આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા કરવામાં આવે છે.

(4) સૌથી વધુ બાળમજૂરો ઔદ્યોગિક ક્ષેત્રમાં જોવા મળે છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 12 જૂનના રોજ બાળ મજૂરી વિરોધી વૈશ્વિક દિવસની ઊજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસ ઊજવવાની શરૂઆત વર્ષ 2002થી કરવામાં આવી હતી.

⇛ આ દિવસની ઊજવણી આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વર્ષે આ દિવસની થીમ **'COVID-19 : Protect Children From Child Labour Now, More Than Ever'** રાખવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વિશ્વમાં આશરે 15.2 કરોડ બાળકો બાળમજૂરી સાથે સંકળાયેલા છે.

⇛ સૌથી વધુ બાળમજૂરો કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં (71%) જોવા મળે છે. ત્યારબાદ ક્રમશઃ સેવા ક્ષેત્રમાં (17%) અને ઔદ્યોગિક ક્ષેત્રમાં (12%) બાળમજૂરો જોવા મળે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) 'COVID-19 and Child Labour' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ UNICEF તથા આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) રિપોર્ટ મુજબ, COVID-19ના કારણે લાખો બાળકો બાળમજૂરીમાં ધકેલાશે.

(3) રિપોર્ટ મુજબ ગરીબીમાં 1%નો વધારો થતાં બાળમજૂરીમાં 0.7%નો વધારો થશે.

(4) શાળાઓ બંધ રહેતાં પણ બાળમજૂરીમાં વધારો થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં UNICEF અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા કોરોના વાયરસ તથા બાળમજૂરી વિશે એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટનું પૂરુંનામ 'COVID-19 and child Labour : A Time of Crisis, A Time to Act' છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ UNICEFનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ છે.

⇛ આ રિપોર્ટ મુજબ, COVID-19ની મહામારીના કારણે લાખો બાળકો બાળમજૂરીમાં ધકેલાય જશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત જે બાળકો વર્તમાન સમયે કાર્ય કરી રહયા છે તેઓના કાર્યનો સમય પણ વધી શકે તેમ છે.

⇛ શાળાઓ તથા સામાજિક સંરક્ષણ બંધ થતાં બાળકો અધૂરા શિક્ષણ તથા અધૂરી આવડત સાથે જે–તે જગ્યાએ કાર્ય કરવા તૈયાર થશે. આ માટે પારિવારિક નાણાંકીય સમસ્યાઓ પણ જવાબદાર છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ, COVID-19ના કારણે ગરીબીમાં વધારો થશે. ગરીબીમાં વધારો થતાં બાળમજૂરીમાં પણ વધારો થાય છે. કારણ કે, રિપોર્ટ મુજબ ગરીબીમાં 1%નો વધારો થતાં બાળમજૂરીમાં 0.7%નો વધારો થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) 'Germiklean' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું નિર્માણ ICMR (ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ) દ્વારા કરવામાં આવેલું છે.

(2) તે એક પ્રકારની સેનિટાઈઝીંગ ચેમ્બર છે.

(3) તેનો ઉપયોગ સુરક્ષા તથા પોલિસ જવાનોના યુનિફોર્મ સેનિટાઈઝ કરવા માટે થશે.

(4) તે 'ડ્રાય હીટ ટ્રીટમેન્ટ'નો ઉપયોગ કરે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા 'Germiklean'નો વિકાસ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ તે એક પ્રકારની સેનિટાઈઝીંગ ચેમ્બર છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ સુરક્ષા દળ તથા પોલિસ જવાનોના હેલ્મેટ, યુનિફોર્મ, વાંસની ઢાલ વગેરેને સેનિટાઈઝ કરવા માટે આ ચેમ્બરનો ઉપયોગ કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ ચેમ્બર 15 મિનિટમાં 25 જોડી યુનિફોર્મને સેનિટાઈઝ કરવાની ક્ષમતા ધરાવે છે.

⇒ તે આ માટે 'ડ્રાય હીટ ટ્રીટમેન્ટ'નો ઉપયોગ કરે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ આ પદ્ધતિમાં પદાર્થની બાહ્ય સપાટી દ્વારા ઉષ્મા શોષાય છે. ત્યારબાદ આ ઉષ્મા અંદર તરફ વહે છે.

⇒ ડ્રાય હીટ સૂક્ષ્મ જીવાણુઓના પ્રોટીન બંધારણમાં ખલેલ પહોંચાડી તેમનો નાશ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT